

International Journal of Applied Research

**ISSN Print:** 2394-7500
**ISSN Online:** 2394-5869
**Impact Factor (RJIF):** 8.4
IJAR 2023; 9(12): 01-03
www.allresearchjournal.com
Received: 05-10-2023
Accepted: 09-11-2023

**Sunilbhai Bhagvandas Patel**
Assistant Teacher, Higher Secondary Section, Shri M & O Sheth High School, Balasinor, Mahisagar, Gujarat, India

**Corresponding Author:**
**Sunilbhai Bhagvandas Patel**
Assistant Teacher, Higher Secondary Section, Shri M & O Sheth High School, Balasinor, Mahisagar, Gujarat, India

# सत्यम् शीवम् सुदंरम् - दाग की बेदाग कथा

**Sunilbhai Bhagvandas Patel**

**DOI:** https://doi.org/10.22271/allresearch.2023.v9.i12a.11392

Beauty is truth, truth beauty, that is all
Ye know on earth, and all ye need to know.’ (Tearle, 2021)

જીવન એક યાત્રા છે અને આ યાત્રાની બે દિશાઓ છે.એક બહારની તરફ અને બીજી અંદરની તરફ. ભોગવિલાસ માટેની દોડધામ બહારની યાત્રા છે તો ધ્યાન કે આત્મનિરીક્ષણ અંદરની યાત્રા છે.અંદરની આ યાત્રા ભારતનો લઘુત્તમ સામાન્ય અવયવ હોવો જોઈએ, સ્વભાવ હોવો જોઈએ પણ અહી આપણે ત્યાં ઉલટુ છે.

Gluttony or Lust is an everlasting element travels along with an average man.

रंग महल के दस दरवाज़े,
ना जानूँ कोई खिड़की खुली थी..."
सैंया निकस गए मैं ना लड़ी थी...

સંત કબીરદાસની પુત્રી કમાલીની આ કમાલની રચના છે. આપણા શરીરને રંગમહલ સાથે અને છ ઈન્દ્રીયોના દસ છેદને દસ દરવાજાની ઉપમા આપી છે.જેમાંથી પ્રાણ નામનો નાથ નીકળી જાય છે જેને કોઇ રોકી શકતું નથી. એજ રીતે આજ ઈન્દ્રીયોની છટકબારીઓમાંથી Gluttony or Lust escapes from any of these ten gates.
સત્યમ, શિવમ, સુદંરમ..
પ્રેમની પહેલી શરત દેખાવ છે.દેખાવ પહેલો પછી પ્રેમ. છોકરી કે છોકરો દેખાય છે કેવો એ પ્રેમની પહેલી શરત છે. દેખાવ અને પૈસા વગરનનાને તો કોઈ સામે પણ જોતું હોતું નથી.**दिल लगा गधी से तो परी क्या चीज है।** એ વાક્ય આ ફિલ્મમાં ફાસ્ટ બૉલરના દડાની જેમ revers Swing થાય છે.આજના જમાનાનો પ્રેમ કે ગાંઠ-બંધન ઘણી બધી છુપી શરતો સાથેનો Conditions Apply વાળો પ્રેમ છે.પ્રેમનો આદર્શ દેખાવ છે. પ્રેમ કે લગ્નગાંઠ બંધનની પહેલી શરત બાહ્ય દેખાવ છે.દેખાવ નામનો આદર્શ પ્રેમ પર પહલેથી જ થોપી દેવામાં આવે છે.પ્રેમ બદલામાં દેખાવ કે રૂપ માગે છે.અહી રૂપાના રૂપમાં પાગલ થયેલ એન્જીનીયર બાબું ગાલ પર

પડેલા ડાઘાને સ્વિકારી શકતા નથી.આખી ફિલ્મમાં એમને પેલી **कैसे इसे पसंद करु** ઓરતનો ડાઘ અને **तु सब कुछ है वाली** મહેબુબાનું રૂપજ દેખાય છે. પત્ની સત્ય છે,કલ્યાણકારી છે અને સુંદર છે એ વાત છેલ્લે સમજાય છે. પણ એ પહેલાં રૂપાને કેટલુ સહન કરવું પડે છે ! રૂપા રાજેશને ખુબજ ચાહતી હોવાથી એના આવા કૂરૂપથી એ એને દુખી કરવા ન હોતી માગતી એટલે એ એની સાથે લગન કરવા ન હોતી માગતી. પુરૂષને ઘરે હોટલ જેવું અને હોટલમાં ઘર જેવા ખાવાની સાથે બિસ્તર જોઇએ છે.1978ની 24મી માર્ચના હોળીના દિવસે પ્રદર્શીત થયેલ ફિલ્મ **सत्यम् शीवम् सुदंरम्** શારીરિક પ્રેમનું fusion અને આધ્યાત્મિક પ્રેમનું fission છે.**सत्यम शिवम सुन्दरम** નો સાહિત્યીક અર્થ સાચુ, કલ્યાણકારી અને મનોહર થાય છે.

કર્મખોડીલી રૂપા જન્મથીજ બદનસીબ હોય છે. જન્મતાની સાથે માઁ ગુમાવે છે. ત્યારબાદ એ રૂપા રૂપ ગુમાવે છે,પછી પિતા અને પતિ... તેના ગામમાં "બદનસીબ" તરીકે શાપિત થઈને મોટી થઈ હતી તો સસુરાલમા 'બદચલન'.

તેની માતાનિ અવસાન પછી બિમાર પિતાની જવાબદારી અને એમની સાથે ભજનો ગાવા એ એનો પેશો બની ગયો હતો.રસોડાના અકસ્માતે તેનો અડધો ચહેરો Acid attack vicitim કન્યાની જેમ કોઈને તો શુ ખુદ રૂપાને નગમે એટલો ખરાબ થઈ ગયેલો.એક સિક્કાની બે બાજુની જેમ આ સૌંદર્ય અને વિકૃતિ ફિલ્મમાં પેરેલલ ચાલે છે.વધુ મહત્ત્વની વાત તો એ છે કે તે સમયે તરૂણી, કિશોરી અને કન્યા સાથે કેવું વર્તન કરવામાં આવતું હતું તેનું sublime એટલે આ ફિલ્મ.રાજીવ (શશિ કપૂર), સ્ટીરિયોટાઇપ એવરેજ ભારતીય પુરૂષ હોય છે જે **आगे भी खुदा, पीछे भी खुदा, दाये भी खुदा बाये भी खुदा । जहां नही खुदा वहां काम चालु है** Work in progress જેવુ સુક્કુભટ ભણીને આવેલો એન્જિનિયર હોય છેએ ગામડાની પેલી બદનસીબ રૂપાના પ્રેમમાં પડે છે.જેનો અવાજ મંદિરની રૂપાની ઘંટડી જેવો છે પણ ડાબા ગાલ પર ડાઘ છે એવી ઢેલડીની આગળ કળા કરી મલ્હાર રાગ શરુ કરે છે.લગ્ન પછી ડાઘવાળા ગાલને જુએ છે, ત્યારે તે કાઠીયાવાડી ભાષામાં કહુ તો હલબલી જાય છે. અને તેની સુંદર ગાલ ધરાવતી રખાત સાથે -સુંદર ગાલ સાથે Courtship ચાલુ રાખે છે. તેને લગીરે ખ્યાલ જ નથી કે તેની પત્ની અને રખાત **घरवाली** અને **बहारवाली** એક જ વ્યક્તિના બે ચહેરા છે.

ફિલ્મનુંમાં નગ્નતા છે પણ તેને કલાત્મકતાની રીતે રજુ કરી એ અશ્લીલતાને કલાકસબી રાજકપુર લગભગ ધાર્મિકતાના લેવલે લઇ ગયા છે અને એ વાતનો છેદ ઉડાડી દીધો છે.ફિલ્મના રિલીઝ સમયે હિમાચલ પ્રદેશના લક્ષ્મણ નામના એક આધુનીક લક્ષ્મણે લક્ષ્મણ રેખા દોરવાનો પ્રયત્ન કરેલો અને ફિલ્મની આ અશ્લીલતા સાથે સાથે ધાર્મિક શીર્ષક બનાવવા માટે એને કોર્ટ પડકારવામાં આવી હતી.

પરંતુ,કોર્ટે અમર ફિલ્મના પેલા ગીતના શબ્દો....

चलो, अच्छा हुआ
अपनों में कोई ग़ैर तो निकला
अगर होते सभी अपने
तो बेगाने कहाँ जाते...

न मिलता ग़म तो बरबादी
के अफ़साने कहाँ जाते
अगर दुनिया चमन होती
तो वीराने कहाँ जाते

दुआएँ दो, मोहब्बत हमने मिटकर
तुमको सिखला दी
न जलती शम्मा महफ़िल में
तो परवाने कहाँ जाते

**अगर दुनिया चमन** ની જેમ એમ કહીને ખારીજ કરી દીધુ કે દુનિયા જ્યારે તેની અસંખ્ય અભિવ્યક્તિઓ અને ઉદાર ક્ષિતિજોમાં સર્જનની સુંદરતાની ઝલક મેળવવા માટે આગળ ધપી રહી છે ત્યારે અપ્રચલિત ધોરણો અને દાદીમાના નિષેધ દ્વારા સૌંદર્યલક્ષી અભિવ્યક્તિ અને પ્રગતિશીલ કલાને કોઈ અટકાવી શકે નહીં.સંતુલન બરાબર જાળવવાનું હોવાથી આવી so called નગ્નતા પણ કલાત્મક રીતે એક મેસેજ આપે છે. મેસેજને વાયરલ કરવા આવી નગ્નતા inevitable છે.

હવે મારુ સત્યમ શિવમ સુન્દરમ...

મારી ખુદની જિંદગી પણ એક મલ્ટીડાયમેન્શનલ ફિલ્મ છે.આગ્લ નાટયકાર શેકશપિઅરના નાટકનું એક કાવ્ય છે:

All the world is a stage

And men and women are merely actors and actresses. જેના રાઈટર,પ્રોડ્યુસર,ડીરેક્ટર ભગવાન છે.આપણે તો અભિનેતા છીએ.જે લોકેશન પર જે સીન આપણા માટે લખાયેલો છે એ આપણે પરફોર્મ કરવાનું છે.

આપણી આ જીદંગીમાં રીટેકની તક નથી. જિંદગી ફિલ્મ જેવી છે. ફિલ્મ જીંદગી જેવી છે.ક્યારેક ફાસ્ટ,ક્યારેક રહસ્યમય, ક્યારેક હોરર.પણ, મોટાભાગે તો એ એબ્સર્ડ.જીંદગી ફિલ્મ જેવી છે, કેટલીક ફિલ્મો ખબર છે ને, પૂરી થઇ જાય ત્યાં સુધી સમજાય નહિ. બસ એવી. એટલે આપણી આ ડીઅર જીંદગી..

મારો દિકરો દસમા ધોરણ સુધી બાલાસિનોરની ચાર અને મેમનગર-અમદાવાદની એક શાળામાં ભણ્યો છે.એની મમ્મીને એ કહેતો,
"મમ્મી તું મારી નિશાળમાં વાલી મીટીંગમાં ન આવીશ અને ક્યારેય ન આવીશ."

એના બારમા ધોરણ પછી મારાથી પુછાઇ ગયુ,
" તારી મમ્મીને કેમ નિશાળમાં નહીં આવવાનું ?
તે બોલ્યો,

"મમ્મીને મોઢે ડાઘ છે એટલે."

એને દુખ થયુ એનું મને દુખ થયું.બાપ તરીકે મને આંખમાં આસું આવી ગયા.મેં એને બરાબરનો persuade કર્યો...

" જો બેટા, Internal beauty is far more beautiful than external beauty." And Fair is Foul, Foul is Fair. (Webht1)
અને એ પણ જણાવ્યું કે, "તારી મમ્મીને લગ્ન પછી તરત જ સાફસાફ શબ્દોમાં જણાવેલું કે તારા દેખાવ અને ડાઘ વિશે મને કે ઘરના કોઇને પણ ક્યારેય ફરિયાદ ન હતી, નથી અને હશે પણ નહી."
મારી પત્નીનું નામ સુર્યા છે.આકાશના ચંદ્રમાં ડાઘ છે.મારા સુર્યામાં ડાઘ છે.तुम जियो हजारो साल । बिन्दास जियो डीयर डार्लिंग ।
અમે પતિ-પત્ની અગિયારમામા ધોરણથી બી.એ.સુધી એકજ શાળા અને એકજ કૉલેજમાં ભણેલા.એટલે મેં એને બરાબર જોઈ હતી એટલેજ મે મનોમન એ ડાઘને સુર્યકંલક તરીકે સ્વિકારીને જ લગ્ન કરેલા અને લગ્ન પછી એક જ મહિનામાં આવી ચોખવટ પણ કરી નાખેલી.
અને મેં એને યાદ અપાવી સમજાવેલુ કે ,"આપણે 11મા ધોરણમાં ઈવા ડેવની નવલિકા 'તમને ગમી ને ? ' ભણેલા એ તને યાદ હશે જ.એ નવલિકામાં કથા નાયિકા એવી થનાર પત્ની ઈલા હોય છે જે રંગે ખૂબજ શ્યામ હોય છે.ભાવી inlaws સાસુ-સસરા,નણંદને અને બીજા કોઈને પોતે ગમી નથી. ઈલા ખુદ પોતાની નંણદને, "છોકરી કાળી છે, ભાઇએ ખોટી હા પાડી ! કાગડો દહીથરુ લઈ ગયો" એમ બોલતાં સાભળી ગઈ હતી છતાંય પણ પતિને તો ગમીજ છે એવો અહેસાસ થતાં તેના પતિને કહે છે,

"તમને ગમી ને? પછી આખી દુનિયા ઝખ મારે છે ! "

આ શબ્દો યાદ કરાવી શાશ્વત નિરાત આપેલી કે,"તું મને ગમે છે પછી આખી દુનિયા જાય ભાડમાં.

## References


1. (n.d.). Retrieved from http://poemanalysis.com/william-shakespeare/all-the-worlds-a-stage/
2. (n.d.). Retrieved from http://www.aresearchguide.com/fair-is-foul-foul-is-fair-macbeth.html
3. (n.d.). Retrieved from http://en.m.wikipedia.org/wiki/Satyam_Shivam_Sundaram
4. Gayen, S. (n.d.). Retrieved from http://youtu.be/U8gnmR2yDx0?si=RPcNMx5X_qZEbGV
5. Tearle DO. The True Meaning of Keats's 'Beauty is Truth, Truth Beauty; c2021. Retrieved from http://interestingliterature.com/2021/06/keats-beauty-is-truth-truth-beauty-meaning-analysis